ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૧૩/૦૩/૨૦૧૯

પ્રતિ,
તંત્રીશ્રી,
....., ભાવનગર.

ભાવનગર ના આકાશમાંથી જોઈ શકાશે
ચંદ્ર દ્વારા થતું રોહિણી નક્ષત્રનું પિધાન (Occultation)

બ્રહ્માંડ એક અકલ્પનીયરૂપે વિશાળ સ્થાન છે. જેમાં પૃથ્વી અને ગ્રહોના પરિભ્રમણથી જુદી–જુદી ખગોળિય ઘટનાઓ અવારનવાર રચાતી હોય છે.

જયારે ચંદ્ર કોઈ ગ્રહ અથવા તારાની આગળથી પસાર થાય છે ત્યારે તે ઘટનાને પિધાન થયેલ હોવાનું કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને **Occultation** કહે છે. ચંદ્ર દ્વારા કર્કવૃત પાસે રહેલા ગ્રહો અને તારાનું સમયાંતરે પિધાન થાય છે. ભૂતકાળમાં ચંદ્ર દ્વારા રોહિણી નક્ષત્ર સિવાય કૃતિકા નક્ષત્ર તથા ગુરૂ ગ્રહનું પિધાન **(Occultation)** થયેલ હતું.

આજે ૧૪ માર્ચના રોજ ચંદ્ર દ્વારા રોહિણી નક્ષત્રના એક તેજસ્વી તારા **Aldebaran** નું પિધાન **(Occultation)** થવાની ઘટના આકાર પામશે. રોહિણી નક્ષત્ર ના એક તેજસ્વી તારા ના પિધાનની ઘટના આજના આકાશમાં આશરે રાત્રીના ૮.૦૫ કલાકથી શરૂ કરીને રાત્રીના ૯.૧૦ કલાક દરમ્યાન થશે.

તે સમયે તેજ સ્વી તારો **Aldebaran** ચંદ્રની પાછળ સંતાઈ જશે. કલાકના સમયગાળા બાદ તેજસ્વી તારો **Aldebaran** ચંદ્ર ની નીચે જોવા મળશે. આ ઘટના દક્ષિણ ભારતના અમુક વિસ્તારો સિવાય સમગ્ર ભારતમાંથી નિહાળી શકાશે.

આમ તો આ ઘટનાને નિહાળવા માટે કોઈ સાધનો કે ઉપકરણોની જરૂર નથી પરંતુ દુરબીન અથવા ટેલીસ્કોપ દ્વારા આ ઘટનાને વધુ સારી રીતે માણી શકાશે. ચંદ્ર દ્વારા થતાં પિધાન સિવાય આજના આકાશમાં ખગોળ રસીકો ગુરૂ, સપ્તર્ષી, મૃગમંડળ, કૃતિકા નક્ષત્ર વગેરે પણ જોઈ શકશે.

આ રોમાંચક ખગોળીય ઘટનાને જનસમુદાય સુધી પહોંચાડવાના આશયથી **કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર** સંચાલિત **ભાવનગર એસ્ટ્રોનોમી કલબ** દ્વારા **તા. ૧૪ માર્ચ ને સોમવારના રોજ સાંજના ૭:૩૦ થી ૯: ૧૫ કલાક દરમિયાન તખ્તેશ્વર મંદિર, ભાવનગર** ખાતે ટેલિસ્કોપ દ્વારા આ અનેરા અવસરને નિહાળવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ અવકાશી નજારાને નિહાળવા ભાવનગરની ખગોળપ્રેમી જનતાને લાભ લેવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની યાદીમાં જણાવાયું છે.

ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.